પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૦૮ | ૧૯ જાન્યુઆરી, ૨૦૧૮, શુક્રવાર ; મહા સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ભારતીય સેના પર સીઝફાયર ઉલ્લંઘનનો આરોપ

ભારતીય સૈનિકો પર સીઝફાયર ઉલ્લંઘનનો ખોટો આરોપ લગાવીને પાકિસ્તાને ભારતના ઉપ ઉચ્ચાયુક્તને સમન્સ મોકલ્યુ છે. પાકિસ્તાનનો આરોપ છે કે ભારતીય સેનાએ સિયાલકોટ સેક્ટરમાં ફાયરીંગ કર્યુ હતું.

### કઝાકિસ્તાનમાં બસમાં આગ લાગતા ૪૫ના મોત

કઝાકિસ્તાનમાં એક પેસેન્જર બસમાં આગ લાગવાથી ૫૨ લોકોના મોત થયા છે. જ્યારે પાંચ વ્યક્તિઓ ઘાયલ થયા છે. મૃત્યુ પામેલા તમામ નાગરિકો ઉઝબેકિસ્તાનના છે.

### તમામ બસોમાં જીપીએસ-પેનીક બટન લગાવવા આદેશ

મહિલાઓ, બાળકો અને વડીલો સામે વધી રહેલા અપરાધ મામલે કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવી પરિવહન મંત્રાલયે રાજ્ય સરકારોને આદેશ આપ્યો છે કે ૧લી એપ્રિલ પહેલા તમામ જાહેર પરિવહનની બસોમાં જીપીએસ અને પેનીક બટન લગાવવામાં આવે.

### માત્ર ઉત્તર ભારતના વિકાસનો કમલા હસનનો આરોપ

સાઉથના સુપરસ્ટાર કમલા હસને રાજકારણમાં પ્રવેશની જાહેરાત કરી કેન્દ્ર સરકાર પર આરોપ લગાવ્યો છે કે તમિલનાડુ ટેક્સ આપવાના મામલે ટોચ પર છે તેમ છતાં તેનો જોઈએ તેટલો વિકાસ થતો નથી.

# પરમાણુ સક્ષમ અગ્નિ-૫નું સફળ પરીક્ષણ

## ૫,૦૦૦ કિમીની રેન્જ : ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઇલ સમગ્ર ચીન સુધી પહોંચી શકે : અગ્નિ સિરિઝની મિસાઇલોને ચીન અને પાકિસ્તાનને ધ્યાનમાં લઇ તૈયાર કરાઈ : ભારતની મોટી હરણફાળ



નવી દિલ્હી,તા. ૧૮

ભારતે આજે સવારે ખુબ જ શક્તિશાળી અતિ આધુનિક પરમાણુ સક્ષમ અગ્નિ-૫ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલનુ સફળ પરીક્ષણ કરીને તેની તાકાતનો પરિચય ફરી એકવાર આપ્યો છે. ઓરિસ્સાના દરિયાકાઠા પર અબ્દુલ કલામ આઈલેન્ડથી આ મિસાઈલનુ પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. આની સાથે જ સ્ટ્રેટેજિક ફોર્સ કમાન્ડમાં તેના સમાવેશની દિશામાં પણ ભારતે મોટુ પગલુ લીધુ છે. આ મિસાઈલ ચીનના મોટા ભાગના ઉત્તરપૂર્વીય વિસ્તારો સુધી ત્રાટકવામાં સક્ષમ છે. તેની ત્રાટકવાની રેંજ ૫૦૦૦ કિલોમીટરથી વધારેની છે. સમગ્ર ચીન ટાર્ગેટ હેઠળ આવી જતાં ભારતની મોટી સફળતા તરીકે આને જોવામાં આવે છે. મિસાઈલની વિશેષતા પણ અનેકગણી રહેલી છે. આ મિસાઈલ અવાજ કરતા પણ ૨૪ ગણી વધુ ઝડપથી ત્રાટકી શકે છે. ૫૦ ટન વજન મિસાઈલનું રહેલું છે. આ ઉપરાંત અગ્નિ-૫ મિસાઈલ ૧.૫ ટન સુધી ન્યુક્લિયર વોરહેડ લઈને ત્રાટકવામાં સક્ષમ છે. ચીન સહિત સમગ્ર એશિયા તેના હિટલિસ્ટમાં છે. હજુ સુધી આ પહેલા

● અનુસંધાન પાન-૭ પર

# વિરાટ કોહલી ક્રિકેટર ઓફ ધ યર તરીકે જાહેર કરાયો

## સ્ટિવ સ્મિથ ટેસ્ટ ક્રિકેટર ઓફ દ યર રહ્યો : કોહલીએ વનડે ક્રિકેટર ઓફ દ યરનો એવોર્ડ પણ જીત્યો



નવીદિલ્હી,તા. ૧૮

દક્ષિણ આફ્રિકાની સામે ટેસ્ટ શ્રેણી ગુમાવી દેનાર ભારતીય કેપ્ટન વિરાટ કોહલીના ચાહકો માટે સારા સમાચાર છે. તેમને આઈસીસીએ ૨૦૧૭ની વનડે અને ટેસ્ટ ટીમની કેપ્ટનશીપ સહિત અનેક એવોર્ડ માટે ચૂંટી કાઢ્યા છે. વનડે ક્રિકેટર ઓફ દ યર ઉપરાંત ટેસ્ટ રેંકિંગમાં પણ ટોપ ઉપર રહેનાર ભારતીય કેપ્ટનને આઈસીસી ક્રિકેટર ઓફ દ યરનો એવોર્ડ અપાયો છે. બીજી બાજુ ટેસ્ટ ક્રિકેટર ઓફ દ યરનો એવોર્ડ ઓસ્ટ્રેલિયન કેપ્ટન સ્ટિવ સ્મિથના નામ ઉપર રહ્યો છે. ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ ૨૧મી સપ્ટેમ્બર ૨૦૧૬થી ૨૦૧૭ સુધી ટેસ્ટમાં ૭૭.૮૦ રનની સરેરાશ સાથે ૨૨૦૩ રન કર્યા છે જેમાં એક સદીનો સમાવેશ થાય છે. બીજી બાજુ વનડેની વાત કરવામાં આવે તો તેના ઉપર ૮૨.૬૩ની સરેરાશ સાથે ૧૮૧૮ રન રહ્યા છે જ્યારે ટી-૨૦માં ૧૫૩ રનના સ્ટ્રાઈક રેટ સાથે ૨૯૯ રન

● અનુસંધાન પાન-૭ પર

# ત્રિપુરા, મેઘાલય, નાગાલેન્ડમાં ચૂંટણી જાહેર

## ત્રિપુરામાં ૧૮ ફેબ્રુઆરીએ, મેઘાલય તેમજ નાગાલેન્ડમાં ૨૭મી ફેબ્રુઆરીએ મતદાન : ત્રીજી માર્ચે મતની ગણતરી

નવીદિલ્હી,તા. ૧૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ઉત્તર પૂર્વના ત્રણ રાજ્યો ત્રિપુરા, મેઘાલય અને નાગાલેન્ડમાં વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમની આજે જાહેરાત કરવામાં આવી હતી. આ ત્રણ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કામાં ૧૮મી ફેબ્રુઆરીના દિવસે ત્રિપુરામાં વોટિંગ થશે. બીજા તબક્કામાં ૨૭મી ફેબ્રુઆરીના દિવસે મેઘાલયમાં અને નાગાલેન્ડમાં મતદાન થશે. ત્રીજી માર્ચના દિવસે ત્રણેય રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી માટે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. તે જ દિવસે પરિણામ જાહેર કરી દેવામાં આવશે. ત્રણેય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી વેળા વીવીપેટનો ઉપયોગ કરાશે. દરેક વિધાનસભા સીટમાં એકએક પોલિંગ સ્ટેશન પર વીવીપેટ રાખવામાં આવશે. સ્લીપની ગણતરી કરવામાં આવશે. ચૂંટણ પંચ દ્વારા કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ ત્રણેય રાજ્યોમાં આચારસંહિતા અમલી બની ગઈ છે. આ વખતે ત્રણેય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી રોમાંચક બને તેવી શક્યતા દેખાઈ રહી છે. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી બાદ ભાજપે ઉત્તર પૂર્વમાં પણ પોતાની પકડ મજબૂત બનાવવાની શરૂઆત કરી હતી. સૌથ પહેલા આસામમાં બહુમતિ સાથે સરકાર બનાવી હતી ત્યારબાદ મણિપુરમાં સત્તા હાસલ કરી હતી. હવે ત્રિપુરા, મેઘાલય અને નાગાલેન્ડ ઉપર ભાજપની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ત્રિપુરામાં ડાબેરીઓ ભાજપ માટે

● અનુસંધાન પાન-૭ પર

# બાવળા-બગોદરા હાઈવે પર ટાયરો સળગાવી ચક્કાજામ

## પદ્માવત રિલીઝના સુપ્રીમના ચુકાદાથી નારાજગી : રાજપૂત સમાજ દ્વારા જલદ આંદોલન શરૂ : પ્રદીપસિંહ જાડેજાની શાંતિ જાળવવા માટેની રાજપૂત સમાજને અપીલ





અમદાવાદ,તા. ૧૮

પદ્માવત ફિલ્મના રિલીઝ અંગેના સુપ્રીમકોર્ટના આજના ચુકાદાને લઈ ગુજરાત સહિત દેશભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. ખાસ કરીને રાજપૂત સમાજમાં સુપ્રીમકોર્ટના આ ચુકાદાને લઈ અને ફિલ્મની રિલીઝને મળેલી લીલીઝંડીને લઈ ચોતરફ વિરોધનો વંટોળ ફુંકાયો છે. ગુજરાતમાં પણ આજે સાંજે બાવળા-બગોદરા હાઈવે પર રાજપૂત સમાજના સેંકડો કાર્યકરો હાઈવે પર ઉતરી આવ્યા હતા અને ટાયરો સળગાવી જય ભવાની...જય ભવાની..ના સૂત્રોચ્ચાર કરી હાઈવે પરનો ટ્રાફિક ચક્કાજામ કરી દીધો હતો. જેને પગલે પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઉશ્કેરાયેલા ટોળાને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો અને મામલો થાળે પાડયો હતો. રાજયમાં રાજપૂત સમાજના જલદ આંદોલનની શરૂઆત જોતાં જ એક તબક્કે ખુદ રાજયના ગૃહપ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ પણ પદ્માવત ફિલ્મને લઈ સુપ્રીમકોર્ટના ચુકાદાના અભ્યાસ બાદ આગળની કાર્યવાહીની હૈયાધારણ આપી રાજપૂત સમાજને હાલની પરિસ્થિતિમાં શાંતિ જાળવવા અપીલ કરી હતી. રાજયના ગૃહપ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ રાજપૂત સમાજને જાહેર અપીલ

● અનુસંધાન પાન-૭ પર

# પદ્માવત ફિલ્મની રિલીઝને સુપ્રીમની લીલીઝંડી

## સુપ્રીમ કોર્ટે લીલીઝંડી આપતા ચર્ચાઓનો અંત આવ્યો : ફિલ્મ ૨૫મીએ રજૂ કરાશે : ગુજરાત સહિત ભાજપ શાસિત રાજ્યોના નોટિફિકેશન ઉપર પણ સ્ટે મુકી દેવામાં આવ્યો : સુપ્રીમ કોર્ટમાં દલીલો વેળા ગાંધીજીનો પણ ઉલ્લેખ કરાયો

નવીદિલ્હી,તા. ૧૮

વિવાદોમાં ઘેરાયેલી સંજય લીલા ભણશાલીની ફિલ્મ પદ્માવતની રિલીઝને આખરે લીલીઝંડી મળી ગઈ છે. સુપ્રીમ કોર્ટે આજે આ ફિલ્મની રજૂઆતને લીલીઝંડી આપતા ફિલ્મ ક્યારે રજૂ થશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. જો કે, આ ફિલ્મને લઈને હજુ પણ સંકટના વાદળો ઘેરાયેલા છે. કારણ કે રાજપૂત સમુદાયના લોકો લાલઘૂમ થયેલા છે. ભાજપ શાસિત ચાર રાજ્યોએ ફિલ્મની રજૂઆત ઉપર પ્રતિબંધ મુક્યો હતો. સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશ, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાત સરકારના નોટિફિકેશન ઉપર પણ સ્ટે મુકી દીધો છે. આનો મતલબ એ થયો કે આ રાજ્યોમાં પણ ફિલ્મની રજૂઆત માટેનો માર્ગ મોકળો થયો છે. ચીફ જસ્ટિસ દિપક મિશ્રા, જસ્ટિસ એએમ ખાનવીલકર અને જસ્ટિસ ધનંજય ચંદ્રચુડની બનેલી ખંડપીઠે ફિલ્મના નિર્માતા વાયકોમ૧૮ અને અન્યના વકીલની દલીલો ઉપર સુનાવણી હાથ ધરી હતી. હવે ૨૫મી જાન્યુઆરીના

● અનુસંધાન પાન-૭ પર



# ૨૯ વસ્તુઓના જીએસટી દરમાં ઘટાડો

## ૫૩ સર્વિસના જીએસટી દરમાં પણ ઘટાડો : ફાઇલિંગની પ્રક્રિયાને સરળ કરવા અંગેનો નિર્ણય ટાળી દેવાયો : પેટ્રોલ અને ડિઝલના સંદર્ભમાં આગામી બેઠકમાં વિચારણાની ખાતરી અપાઈ : નાના કારોબારીઓને રાહત આપવાનો પ્રયાસ

નવીદિલ્હી, તા. ૧૮

જીએસટી અંગે સર્વોચ્ચ નિર્ણય લેનાર જીએસટી કાઉન્સિલની બેઠક આજે મળી હતી જેમાં ધારણા પ્રમાણે જ ૨૯ વસ્તુઓ ઉપર જીએસટીના રેટ ઘટાડી દેવામાં આવ્યા હતા. ૫૩ સેવાઓ ઉપર જીએસટીનો દર ઘટાડી દેવામાં આવ્યો છે જ્યારે ફાઈલિંગને વધુ સરળ કરવા અંગેનો નિર્ણય ટાળી દેવામાં આવ્યો છે. પહેલી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરવામાં આવનાર છે ત્યારે પેટ્રોલ ડીઝલના સંદર્ભમાં હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. જીએસટી કાઉન્સિલે નાના કારોબારીઓ અને ગ્રાહકોને મોટી રાહત આપીને હેન્ડીક્રાફ્ટ સહિત ૨૯ વસ્તુઓ ઉપર જીએસટી ટેક્સને ઘટાડવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત ૫૩ સેવાઓ ઉપર જીએસટીના રેટમાં ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. મિટિંગ બાદ કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ કહ્યું હતું કે, કાઉન્સિલ તરફથી ૫૩ શ્રેણીમાં આવનાર સેવાઓ ઉપર જીએસટીના રેટ ઘટાડોવામાં આવ્યા છે. જીએસટીના નવા દરો ૨૫મી જાન્યુઆરીથી અમલી કરાશે.

પેટ્રોલ અને ડિઝલને જીએસટીની હદમાં લાવવાની વાત કરતા નાણામંત્રીએ કહ્યું હતું કે, આગામી મિટિંગમાં તેના ઉપર વિચારણા કરવામાં આવશે. પહેલી ફેબ્રુઆરીથી ઈન્ટરસ્ટેટ ઈવે બિલ વ્યવસ્થા શરૂ થશે. આ ઉપરાંત ૧૫ રાજ્યોએ ઈન્ટ્રાસ્ટેટ ઈ-વે બિલની વ્યવસ્થા શરૂ કરવાની વાત કરી છે. આ મિટિંગમાં આઈટી સેક્ટરના દિગ્ગજ નંદન નિલકાની પણ ઉપસ્થિત રહ્યા હતા. નાણામંત્રી જેટલીએ કહ્યું હતું કે, રિટર્નની ફાઈલિંગની વ્યવસ્થા પહેલાની જેમ અમલી રહેશે. આ ઉપરાંત જીએસટી કાઉન્સિલની બેઠકમાં રિયલ એસ્ટેટ સેક્ટરને જીએસટીની હદમાં લાવવાને લઈને કોઈ વાતચીત થઈ નથી. આ મિટિંગથી પહેલા આ સેક્ટરને લઈને ચર્ચા કરવામાં આવી રહી છે. જીએસટી કારોબારીઓને હજુ સુધી કોઈ રાહત મળી શકી નથી.

આજે જીએસટી કાઉન્સિલની અતિ મહત્વપૂર્ણ બેઠક મળી હતી. નોટબંધી અને જીએસટી બાદ મુશ્કેલ તબક્કામાંથી નિકળી રહેલા કૃષિ અને ગ્રામિણ અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવાના ઈરાદાથી કાઉન્સિલ રેટને તર્કસંગત બનાવે તેવી શક્યતા પહેલાથી જ દેખાઈ રહી હતી. જીએસટી કાઉન્સિલ ક્લીન એનર્જીને પ્રોત્સાહન આપવાની દિશામાં આગળ વધવા પણ ઈચ્છુક છે.



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

# પ્રધાનમંત્રી ૧૦મીએ પેલેસ્ટાઈન જશે

નવીદિલ્હી,તા. ૧૮

ભારત આવેલા ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહૂના પ્રવાસથી ભારત અને ઈઝરાયેલ વચ્ચેના સંબંધો ખુબ મજબૂત બન્યા છે. બંને દેશો વચ્ચે એક નવા યુગની શરૂઆત થઈ છે. હવે વડાપ્રધાન મોદી ૧૦મી ફેબ્રુઆરીએ પેલેસ્ટાઈન જશે. પેલેસ્ટાઈન જનાર મોદી ભારતના પ્રથમ વડાપ્રધાન બનશે. ભારત અને પેલેસ્ટાઈન આ પ્રવાસની ચર્ચા લાંબા સમયથી કરી રહ્યા છે.